૧૦

<u>નવી બાબત ૨૦૧૯-૨૦</u>

સરકારી કુમાર છાત્રાલય, નડિયાદ, જિ.ખેડાના મકાન બાંધકામ બાબત રૂ.૩૨૧.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સકછ-૧૦૧૭-૬૭૨૧૨૮-ન.બા.૧૮-ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૭/૦૧/૨૦૨૦

<u>વંચાણમાં લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૫/૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૩૧/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨૦૧૯-૨૦/૧૧૪૨૬

<u>આ મુ ખ :</u>

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી ધોરણ-૧૦ પછી તેમના બાળકોના અભ્યાસ ચાલુ ન રાખી શકતાં હોવાથી આવા વિદ્યાર્થીઓને સમાજના અન્ય હરોળની સાથે શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૧૧/૦૫/૧૮ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, નડિયાદ, જિ.ખેડાના મકાન બાંધકામના પ્રવર્તમાન એસ.ઓ.આર. આધારિત બ્લોક એસ્ટીમેટ તથા પતિશિષ્ટ-ક માર્ગ અને મકાન વિભાગ પાસેથી મેળવી તે અંગેની વહીવટી મંજૂરી મેળવવાની દરખાસ્ત અલગથી રજૂ કરવાની શરતે સરકારી કુમાર છાત્રાલય, ખંભાત, જિ.આણંદના મકાન બાંધકામની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અજાક)ના તા.૩૧/૧૨/૧૯ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય, નડિયાદ, જિ.ખેડાના મકાન બાંધકામની સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલય, નડિયાદ, જિ.ખેડાના છાત્રાલયના મકાન બાંધકામની નવી બાબતની રૂ.૨૦૦.૦૦ લાખની તથા નક્શા અંદાજોની રૂ.૩૨૧.૦૦ લાખની નીચેની શરતોને આધીન આથી સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦